# Kids કોર્નર

**Hello Kids.**

You are here on your corner એટલે કે આ ખૂણો સ્પેશિઅલી તમારા માટે છે. If you have your poem, your story, or a game for print. અથવા તમે કાંઈ એવી સિધ્ધી મેળવી હોય જે Share કરવા જેવી હોય તો તરત with photograph and bio data અહીં મોકલી આપો. આ ખૂણો બીલકુલ તમારો છે. બીજા Kids ને interesting લાગે એવું હોય તેને અહીં જગ્યા મળશે. તમારું મેટર નીચેના e-mail એડ્રેસ પર સેંડ (send) કરો.

email- kidscorner@gujaratmitra.in



# ચતુર શિયાળ અને બોલતી ગુફા

**વારતા રે વારતા**

એક વિશાળ અને ગાઢ જંગલ હતું. આ જંગલમાં 'ખરનખર' નામનો એક વૃદ્ધ સિંહ રહેતો હતો. ઉંમર વધવાને કારણે હવે તે પહેલાં જેવો શિકાર કરી શકતો નહોતો. એક દિવસ સવારથી સાંજ સુધી તે જંગલમાં ભટક્યો, પણ તેને એક નાનું સસલું કે હરણ પણ જોવા મળ્યું નહીં. ભૂખને કારણે તેનું શરીર નબળું પડી રહ્યું હતું અને પેટમાં જાણે ઉંદરો દોડી રહ્યા હતા.

સૂર્ય આથમવાની તૈયારીમાં હતો અને ચારેબાજુ અંધારું છવાઈ રહ્યું હતું. સિંહ નિરાશ થઈને પાછા વળવાની તૈયારીમાં હતો ત્યાં જ તેની નજર પહાડની તળેટીમાં આવેલી એક મોટી અને ઊંડી ગુફા પર પડી. સિંહના મનમાં વિચાર આવ્યો, "ચોક્કસ આટલી મોટી અને સુરક્ષિત ગુફામાં કોઈને કોઈ પ્રાણી તો રહેતું જ હશે. દિવસભર ભલે તે બહાર ગયું હોય, પણ રાત્રે સૂવા માટે તો અહીં જરૂર આવશે. મારે અત્યારે શિકાર શોધવાને બદલે અહીં જ સંતાઈ જવું જોઈએ."

સિંહ ધીમે પગલે ગુફાની અંદર ગયો. અંદર જઈને તેણે જોયું તો ગુફા ખાલી હતી. તે એક ખૂણામાં અંધારામાં છુપાઈને બેસી ગયો અને શિકારની રાહ જોવા લાગ્યો.

> **સિંહ ધીમે પગલે ગુફાની અંદર ગયો. અંદર જઈને તેણે જોયું તો ગુફા ખાલી હતી. તે એક ખૂણામાં અંધારામાં છુપાઈને બેસી ગયો અને શિકારની રાહ જોવા લાગ્યો**

એ ગુફા 'દધિપુચ્છ' નામના એક ખૂબ જ બુદ્ધિશાળી અને ચતુર શિયાળની હતી. સાંજ પડતાં જ શિયાળ પોતાના ઘરે એટલે કે ગુફા તરફ પાછું ફર્યું. ગુફાની નજીક પહોંચતા જ તેની તીક્ષ્ણ નજરે જમીન પર કંઈક જોયું. તેણે જોયું કે સિંહના પંજાના નિશાન ગુફાની અંદર તરફ જઈ રહ્યા છે.

શિયાળ ત્યાં જ થંભી ગયું. તેણે ધ્યાનથી નિરીક્ષણ કર્યું. પંજાના નિશાન અંદર તરફ જઈ રહ્યા હતા, પણ બહાર આવવાનું એક પણ નિશાન નહોતું. શિયાળના મનમાં ફાળ પડી, "અરે! જો સિંહ અંદર ગયો છે અને બહાર નથી આવ્યો, તો એનો અર્થ એ કે તે હજી અંદર જ છુપાયેલો છે. જો હું અંદર જઈશ તો મારો જીવ જોખમમાં મુકાશે."

પરંતુ શિયાળ ઉતાવળમાં નિર્ણય લેવા માંગતું નહોતું. તેણે વિચાર્યું કે કદાચ સિંહ બીજી કોઈ બાજુથી નીકળી ગયો હોય અથવા અંદર ન પણ હોય. માત્ર શંકાના આધારે ઘર છોડી દેવું પણ યોગ્ય નહોતું. તેથી, તેણે સિંહની હાજરીની ખાતરી કરવા માટે એક અદ્ભુત યુક્તિ વિચારી.

શિયાળ ગુફાના દ્વારથી થોડે દૂર ઊભું રહ્યું અને જાણે કોઈની સાથે વાત કરતું હોય તેમ મોટેથી બૂમ પાડી, "ઓ ગુફા! ઓ મારી વહાલી ગુફા! આજે તું કેમ એકદમ શાંત છે? શું તને યાદ નથી કે આપણી વચ્ચે એક કરાર થયો છે?"

શિયાળ થોડીવાર થોભ્યું અને ફરી બોલ્યું, "મેં તને વચન આપ્યું હતું કે જ્યારે પણ હું બહારથી આવું, ત્યારે તારે મને અંદર બોલાવવા માટે સાદ પાડવો. આજે તું કેમ ચૂપ છે? જો તું મને અંદર બોલાવવાનો પ્રતિસાદ નહીં આપે, તો મને લાગશે કે તું મારા પર ગુસ્સે છે. આવી સ્થિતિમાં હું આ ગુફા છોડીને બીજી ગુફામાં રહેવા જતો રહીશ."

અંદર છુપાયેલો સિંહ આ બધું સાંભળી રહ્યો હતો. તેને લાગ્યું કે આ ગુફા તો જાદુઈ લાગે છે! તે કદાચ રોજ પોતાના માલિકનું સ્વાગત કરતી હશે, પણ આજે મારી ગર્જના અને ડરને કારણે તે ચૂપ થઈ ગઈ છે. સિંહે વિચાર્યું, "જો આ ગુફા નહીં બોલે તો શિયાળ જતું રહેશે અને હું ફરી ભૂખ્યો રહી જઈશ. મારે ગુફા વતી જવાબ આપવો જોઈએ જેથી શિયાળ નિશ્ચિત થઈને અંદર આવે."

પોતાની જાતને બહુ હોંશિયાર માનીને સિંહે ગુફાના ઉંડાણમાંથી ભારે અવાજે ગર્જના કરી, "આવી જા, મારા મિત્ર શિયાળ! તારું સ્વાગત છે! તું અંદર આવી શકે છે."

સિંહની ભયાનક ગર્જના આખી ગુફામાં ગુંજી ઉઠી અને બહાર સુધી સંભળાઈ. સિંહનો અવાજ સાંભળતા જ શિયાળને ખાતરી થઈ ગઈ કે તેનો અંદાજ સાચો હતો. શિયાળ ત્યાં એક ક્ષણ પણ થોભ્યા વગર જંગલની બીજી દિશામાં જોરથી ભાગ્યું અને પોતાનો જીવ બચાવી લીધો.

# બૂટની દોરીના છેડા પર કેમ હોય છે આ નાનું પ્લાસ્ટિક?




રોજિંદા જીવનમાં આપણે એવી ઘણી વસ્તુઓનો ઉપયોગ કરીએ છીએ જે આપણને ખૂબ જ સામાન્ય લાગે છે, પરંતુ તેની પાછળ એક ચોક્કસ વિજ્ઞાન અથવા ઇતિહાસ છુપાયેલો હોય છે. આવું જ કંઈક છે આપણા બૂટની દોરી. તમે જોયું હશે કે, બૂટની દોરીના બંને છેડા પર એક નાનકડું પ્લાસ્ટિક આવરણ હોય છે. મોટાભાગના લોકો તેને માત્ર દોરીનો એક હિસ્સો માનીને અવગણે છે, પરંતુ શું તમે જાણો છો કે, તેને શું કહેવાય છે? અને જો આ નાનકડી વસ્તુ ન હોય તો શું મુશ્કેલી પડી શકે?

તમે બૂટ તો પહેરતા જ હશો. જ્યારે પણ તમે તે બૂટની દોરીઓ બાંધતા હશો, ત્યારે તમે જોયું હશે કે, તે દોરીઓના અંતમાં એટલે કે બંને છેડા પર પ્લાસ્ટિક લાગેલું હોય છે. જો તમે અત્યાર સુધી ધ્યાન નહીં આપ્યું હોય, તો હવે આપીને જોઈ લો. બૂટની દોરીનો પાછળનો છેડો જોયા પછી તમને લાગેલા પ્લાસ્ટિકનો ખ્યાલ પણ આવ્યો હશે. પરંતુ સવાલ એ છે કે, શું તમે ક્યારેય એ જાણવાની કોશિશ કરી છે કે તે પ્લાસ્ટિક શા માટે હોય છે અને તેને શું કહેવામાં આવે છે? ચાલો તમને તેના વિશે જણાવીએ.



તમને જણાવી દઈએ કે, બૂટની દોરીના છેડા પર જે પ્લાસ્ટિક લાગેલું હોય છે તેને 'એગલેટ' (Aglet) કહેવામાં આવે છે. જો તમે વિચારી રહ્યા હોય કે આ માત્ર એમ જ હોય છે, તો એવું નથી. તેની પાછળના કારણની વાત કરીએ તો, દોરીના છેડા પર લાગેલા એગલેટનું મુખ્ય કામ દોરીના તાંતણાઓને વિખરાઈ જતા અટકાવવાનું છે. આ સિવાય એગલેટ હોવાને કારણે દોરી બૂટમાં બનેલા કાણાંમાંથી સરળતાથી આરપાર પહોંચી જાય છે, કારણ કે એગલેટને લીધે દોરીનો છેડો સખત બનેલો રહે છે.

બૂટની દોરીના છેડા પરના આ પ્લાસ્ટિક અથવા મેટલના ભાગને અંગ્રેજીમાં 'Aglet' (એગલેટ) કહેવામાં આવે છે. આ શબ્દ જૂના ફ્રેન્ચ શબ્દ 'Aguillette' પરથી આવ્યો છે, જેનો અર્થ થાય છે 'સોય'. ભલે આ વસ્તુ દેખાવમાં સાવ નાની હોય, પણ બૂટ પહેરવાની પ્રક્રિયામાં તેનું મહત્વ ખૂબ જ વધારે છે.

## હેપ્પી બર્થડે



નામ : કેયુર કોશિયા
માતા : બીના કોશિયા



નામ : સૈયદ ઈનાયા
માતા : સૈયદ અફસાના

## રસ્તો શોધો



## તફાવત શોધો





## ટપકાં જોડો



## PUZZLE ZONE

ડૉ. ચંદ્રેશ જરદોશ

### SIGN GAME

Q1

ખાલી જગ્યામાં આ સાથે જણાવેલ કોઈપણ સંજ્ઞા (+, - , ×, ÷) નો ઉપયોગ કરી સમીકરણ સાચું બનાવો.

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| 1) | 8 | | 6 | | 4 | | 2 | = | 14 |
| 2) | 8 | | 6 | | 4 | | 2 | = | 16 |
| 3) | 8 | | 6 | | 4 | | 2 | = | 12 |

### CHANGE THE WORD

Q2

આપેલા શબ્દોમાંથી દર વખતે એક અક્ષર બદલી નવો શબ્દ બનાવી છેલ્લો શબ્દ બનાવો.

| | | |
|---|---|---|
| H | A | S |
| | | |
| | | |
| S | I | M |

### CHHOTA SUDOKU

Q3

આપેલા (9) ચોરસના સમૂહમાં 1 થી 9 ના અંકો એવી રીતે મૂકો કે દરેક વર્તુળની આજુબાજુના 4 ચોરસનો સરવાળો વર્તુળમાં દર્શાવેલા અંક જેટલો જ થાય. દરેક અંકનો ઉપયોગ માત્ર એક જ વખત કરવાનો છે કેટલાક અંકો ચોરસમાં આપેલા જ છે.

| | | |
|---|---|---|
| 1 | | |
| | 5 | |
| | | 4 |

વર્તુળો: 22, 23 (ઉપર); 22, 23 (નીચે)

### BROKEN WORDS

Q4

નીચે આપેલા તૂટેલા શબ્દોને આપેલી ચાવીની મદદથી જોડીને લશ્કરને સંબંધિત 7 શબ્દોના નામ બનાવો.

| | | | | |
|---|---|---|---|---|
| ION | BO | TT | TE | BE |
| GHT | BA | CO | FI | AC |
| KS | AT | SE | LE | OTS |
| RET | BA | RR | UR | NT |

| ચાવી | શબ્દો |
|---|---|
| 4 અક્ષર | 3 |
| 6 અક્ષર | 2 |
| 8 અક્ષર | 1 |
| 9 અક્ષર | 1 |

જવાબ
1. BERET
2. BOOTS
3. FIGHT
4. BATTLE
5. COURSE
6. BARRACKS
7. ATTENTION

### જવાબો

Q1

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| 1) | 8 | × | 6 | ÷ | 4 | + | 2 | = | 14 |
| 2) | 8 | + | 6 | + | 4 | − | 2 | = | 16 |
| 3) | 8 | + | 6 | − | 4 | + | 2 | = | 12 |

Q2

| | | |
|---|---|---|
| H | A | S |
| H | I | S |
| H | I | M |
| S | I | M |

Q3

| | | |
|---|---|---|
| 1 | 9 | 3 |
| 7 | 5 | 6 |
| 2 | 8 | 4 |

વર્તુળો: 22, 23 (ઉપર); 22, 23 (નીચે)

## શબ્દો પૂરો




1.goat 2.turkey 3.bull 4.lama 5.(→) donkey 5.(↓) duck 6.hen 7.goose 8.horse 9.mouse 10.sheep 11.pig 12.cock 13.(→) cow 13.(↓) chick